SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication, jamnagar https://www.rangmatipublication.com

# ગુજરાતમાં જાતિગત અસમાનતા : કારણો અને ઉપાયો

ડૉ. મધુભાઈ એન. ગાયકવાડ

***સારાંશ :***

***જાતિગત અસમાનતા સમાજમાં જુદાજુદા સ્વરૂપમાં જોવા મળે છે. સમાજમાં જાતિગત અસમાનતા અનેક સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પ્રશ્નો ઉભા કરે છે. જાતિગત અસમાનતાના કારણો પણ અનેક છે. સમાજ જેમ વધુ વિકસિત અને શિક્ષિત તેમ જાતિગત અસમાનતાનું પ્રમાણ વધુ જોવા મળે છે. ગામડાની તુલનામાં શહેરોમાં જાતિગત અસમાનતા વધુ જોવા મળે છે. એ જ રીતે આદિવાસી સમાજ કરતાં આધુનિક ઔધોગિક સમાજોમાં જાતિગત અસમાનતા વધુ જોવા મળે છે. અત્રે પ્રસ્તુત લેખમાં ગુજરાતમાં જાતિગત અસમાનતા કારણો અને ઉપાયોની સમજ આપવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.***

***ચાવીરૂપ શબ્દો: જાતિગત, અસમાનતા, રૂઢિગત, સ્થળાંતર, અપમૃત્યુ, સ્ત્રી-ભ્રૂણહત્યા***

જે સમાજમાં મહિલાઓ તથા પુરુષોમાં અસમાનતા જોવા મળે છે,એ અસમાનતાને જાતિગત અસમાનતા કહેવામાં આવે છે. જ્યારે વ્યક્તિઓમાં ધર્મ,જાતિ,ભાષા,વ્યવસાય,સંપતિ વગેરેનાં આધાર ઉપર ભેદભાવકરવામાં આવે છે અથવા ઉચ-નિચના ભેદભાવ કરવામાં આવે છે એને જ અસમાનતા કે વિષમતા કહેવામાં આવે છે.

જાતિગત અસમાનતા કાર્યના આધાર પર, પહેરવેશ કે પોશાકના આધારપર સમાજમાં જોવા મળે છે. જાતિગત અસમાનતા રૂઢિવાદી અને પૂર્વગ્રહ એમ બે પ્રકારે જોવા મળે છે. જ્યારે કોઈ વ્યક્તિવિશેષ કે કોઈ સમુદાયને એક સાથે જ બાંધી દેવામાં આવે અથવા એમના માટે પાકી ધારણા બાંધવામાં આવે છે તો એને રૂઢીવાદી વિચારધારા કહેવામાં આવે છે. રૂઢીવાદી વિચારધારા અનેક પ્રકારની હોય છે, જેમ કે જાતિ, ધર્મ, લિંગ કે કાર્ય ક્ષેત્રના આધાર વગેરે દા.ત. ઘરની અંદરનું બધુ કામ મહિલા અથવા છોકરીઓનું છે એને પુરુષ નહિ કરી શકતો. જ્યારે ઘરની બહારનું કામ પુરુષ અથવા છોકરાઓ જ કરી શકે,મહિલાઓ નહિ કરી શક્તી, આ રૂઢિવાદી ખ્યાલ છે. પૂર્વગ્રહએ આપણો જૂનો અનુભવ દર્શાવે છે. કોઈ પણ વ્યક્તિને જોયા કે સમજ્યા વગર એના માટે સાચી–ખોટી કોઈ પણ ધરણાં બાંધી દેવી એ પૂર્વગ્રહ છે. પૂર્વગ્રહ જાતિ, ભાષા, લિંગ, ધર્મ, ઉમરના ક્ષેત્રના આધારે હોય છે. ગાંધીજીએ કહ્યું હતું કે,"હું સ્ત્રીઓના અધિકાર વિશે એકેય બાબતમાં જરાય પડતું મેલવા તૈયાર નથી. મારા વિચાર પ્રમાણે કાયદાએ સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઈ જાતની અસમાનતા રાખવી ન જોઈએ. દીકરા અને દીકરી વચ્ચે કોઈ જાતનો ભેદભાવ ન હોવો જોઈએ." (યંગ ઇન્ડિયા, ૧૭-૧૦-૧૯૨૯)

૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં જાતિ પ્રમાણ પ્રત્યેક ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા૯૪૦ હતી. જયારે ગુજરાતમાં આ પ્રમાણ ૯૧૮ હતું. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતનોસમાવેશ ભારતના એવા રાજ્યોમાં કરવામાં આવે છે કે જ્યાં ૨૦૦૧ની વસ્તી ગણતરી કરતાજાતિ પ્રમાણમાં ઘટાડો નોંધાયો હોય. ભારતમાં બિહાર, જમ્મુ કાશ્મીર અને ગુજરાત એવા ત્રણ જરાજ્યો છે જ્યાં જાતિ પ્રમાણમાં ઘટાડો નોંધાયો હોય. ભારત અને ગુજરાતમાં જાતિ પ્રમાણનીઘટતી સંખ્યા વિશે ગંભીરતા ૧૯૯૧ની વસ્તી ગણતરીથી કરવામાં આવી છે, આમ છતાં આ ક્ષેત્રમાંધારી એવી સફળતા મળી નથી. સરકારના 'બેટી બચાવો બેટી પઢાઓનું અભિયાન' હોય કે 'મેરીબેટી મેરા અભિમાન' કરીને સોશ્યલ નેટવર્કમાં ચાલતા ફોટોસના અભિયાન હોય આ બધા પ્રયત્નોધ્યાનાકર્ષક રહ્યા હોવા છતાં તે ૨૦૨૦ સુધીમાં નવા જન્મેલ બાળકોમાં છોકરીઓની સંખ્યામાંવૃદ્ધિ લાવી શક્યા નહિ. આ વાતની સ્પષ્ટતા ૨૦૧૯ના નીતિ આયોગના આંકડાથી મેળવી શકાયછે, જે કન્યા જન્મના ઘટાડાને સૂચિત કરે છે. આ આંકડા મુજબ ગુજરાત ૨૦૧૩થી ૨૦૧૫માં નવાજન્મેલ બાળકોમાં ૮૫૪ સ્ત્રી બાળકીઓ જન્મી હતી. જે ૨૦૧૪-૨૦૧૫ના નીતિ આયોગનાઅહેવાલના આંકડા સ્ત્રી બાળકીઓની સંખ્યા ઘટીને ૮૪૮ થઇ ગઈ. ગુજરાતના આર્થિક વિકાસનાઆંકડાની વૃદ્ધિને ભારતમાં એક ઉદાહરણ સ્વરૂપે રજૂ કરવામાં આવે છે, તે રીતે જો ગુજરાતે જાતિપ્રમાણના ક્ષેત્રમાં સિદ્ધિ મેળવવી હોય તો કેરાલા મોડલને ધ્યાનમાં લેવું પડશે. ૨૦૧૧ની વસ્તીગણતરીમાં કેરાલા રાજ્ય જાતિ પ્રમાણમાં ૧૦૮૪ સ્ત્રીઓની સંખ્યાની સાથે પ્રથમ ક્રમે હતું. તો તેનીસામે ગુજરાત ૯૧૮ જાતિ પ્રમાણ સાથે સમગ્ર ભારતમાં ૨૪માં સ્થાને હતું. કેરાલા વિષેની એકવાત ધ્યાને લેવી જ પડે કે, સ્ત્રીઓની વધુ વસ્તી

ધરાવતા કેરાલામાં હિંદુ અને અન્ય લઘુમતિધર્મ મુસ્લિમ અને ખ્રિસ્તી ધર્મના લોકોની વસ્તી પચાસ – પચાસ ટકા છે. વસ્તીની દ્રષ્ટીએહિંદુઓની બહુમતી ધરાવતા એવા ગુજરાત રાજ્યમાં ઓગણીસમી સદીથી કન્યાઓને દૂધપીતીકરવાનો રિવાજ ચાલતો હતો. જે વીસમી સદીના અંતે કન્યા ભ્રુણ હત્યામાં પરિણમ્યો. આ સામાજિક ચાલનુંપરિણામ એટલે ગુજરાતના નબળા સામાજિક વિકાસનું ચિત્ર ઉભું કરે છે. જો કે જાતિ પ્રમાણનામુદ્દામાં ગુજરાતમાં બે ચિત્ર જોવા મળે છે. એક છે આદિવાસી મોડેલ અને બિનઆદિવાસી મોડેલ. આ સંદર્ભમાં જોઈએ તો ગુજરાતના આદિવાસીઓની વસ્તી ધરાવતા જીલ્લામાં જાતિપ્રમાણ ઉચું છે, તો બીજી તરફ બિન આદિવાસી વસ્તી ધરાવતા જીલ્લામાં જાતિ પ્રમાણ નીચું જોવા મળે છે. એજ રીતે શિક્ષણના પરીવર્તનને ધ્યાનમાં લઈએ તો જ્યાં સાક્ષરતાની ટકાવારી વધુ છે તેવા ગુજરાતના જિલ્લાઓમાં જાતિ પ્રમાણ નીચું છે, બીજી તરફ સાક્ષરતા ઓછી હોય તેવા જીલ્લાઓમાં જાતિ પ્રમાણ ઉચું જોવા મળે છે. જાતિ પ્રમાણમાં નબળો દેખાવ ગુજરાતના પાછલા ત્રીસ વર્ષોમાં થયેલ નબળા સામાજિક વિકાસને સૂચિત કરે છે.

**જાતિ-પ્રમાણ:**

અત્યારસુધીનીવસ્તી-ગણતરીમુજબકહીશકાયકે, ભારતમાંસ્ત્રીઅનેપુરુષોનાજાતિ-પ્રમાણમાંઅસમાનતાદેખાયછે, જેઅત્રેનાકોષ્ટકપરથીખ્યાલઆવેછે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૦૧ | ૧૯૧૧ | ૧૯૨૧ | ૧૯૩૧ | ૧૯૪૧ | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ | ૨૦૧૧ |
| ૯૭૨ | ૯૬૪ | ૯૫૫ | ૯૫૦ | ૯૪૫ | ૯૪૬ | ૯૪૧ | ૯૩૦ | ૯૩૪ | ૯૨૬ | ૯૩૩ | ૯૪૦ |

૧૯૦૧ માંપ્રતિહજાર પુરુષસામેસ્ત્રીઓનીસંખ્યા૯૭૧હતીજેઘટીને૨૦૧૧માં૯૪૦થઇછે. આઆંકડાઓસમાજમાટેરેડશીગ્નલનોનિર્દેશકરેછે.

**અસમાનજાતિપ્રમાણનીસમસ્યાનાકારણો:-**

(૧)પિતૃસત્તાકકુટુંબવ્યવસ્થા

લગભગ બધાજ સમાજોમાં પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા જોવા મળે છે, જે સત્તા અને તાબેદારીના સંબંધો પર રચાયેલી હોય છે. પિતૃસત્તાક વ્યવસ્થાના આધારે આપણાં સમાજમાં મહિલાઓને પુરુષોની સરખામણીમાં નિમ્ન શ્રેણીમાં રાખવામાં આવે છે, એને પુરુષથી ઓછી શક્તિશાળી સમજવામાં આવે છે. અર્થાતઆ પ્રકારની કુટુંબવ્યવસ્થામાં સ્ત્રી કરતાં પુરુષનો દરજ્જો ઊંચો હોય છે. પરિવારનો વંશવેલો આગળ વધારવાની, મિલકતનો વારસદાર નક્કી કરવા જેવા નિર્ણયોની સત્તા માત્ર પુરુષ પાસે હોય છે. એ ઇચ્છે એ મુજબ કૌટુંબિક નિર્ણયો લેવાતા હોય છે, પરિણામે આવા પરિવારોમાં સ્ત્રી કરતાં પુરુષનો પ્રભાવ વધુ હોય છે, એટલું જ નહિ બાળકને જન્મ આપવો કે નહિ તે અંગેના નિર્ણયમાં પણ પત્ની તરીકે સ્ત્રીના નિર્ણયનું કોઈ મહત્તવહોતું નથી. આથી આ પ્રકારની કુટુંબવ્યવસ્થા અસમાન જાતિપ્રમાણમાં મહત્ત્વની પુરવાર થાય છે.

(2) આર્થિક સ્થિતિ :

વર્તમાન સમયમાં ગરીબી, બેકારી અને મોંઘવારી જેવાં આર્થિક પરિબળો માત્ર મધ્યમ અને ગરીબ વર્ગને જ નહિ, પરંતુ ઉચ્ચ વર્ગને પણ સંતાનોના ઉછેરમાં અવરોધરૂપ સાબિત થઈ રહ્યાં છે. બાળકના જન્મથી માંડીને તે જ્યાં સુધી આર્થિક રીતે પગભર ન થાય ત્યાં સુધીની બધી જ જવાબદારી માતા-પિતાએ નિભાવવાની હોય છે. વળી, હવે ધીમે ધીમે નાના કદનાં કે વિભક્ત કુટુંબોની સંખ્યા પણ વધતી ચાલી છે. આવા સંજોગોમાં પુત્રજન્મની આશામાં કુટુંબમાં બાળકોની સંખ્યા પરિવારની હાલત કફોડી બનાવે છે. આ બધાં કારણોસર સ્ત્રી-ભ્રૂણહત્યાના બનાવોનું પ્રમાણ વધ્યું છે. તો બીજી તરફ આવી નબળી આર્થિક સ્થિતિમાં દંપતીને પરિવારમાં માત્ર એક કે બે બાળક હોય તે વધુઇચ્છનીય લાગે છે. આ રીતે જોઈએ તો આર્થિક પરિબળ પરોક્ષ રીતે પણ અસમાન જાતિપ્રમાણ માટે જવાબદાર છે.

(3) સ્ત્રીઓનાં અપમૃત્યુ :

જીવવિજ્ઞાનની દષ્ટિએ સ્ત્રીઓ પુરુષો કરતાં મજબૂત હોવાથી પુરુષ કરતાં લાંબું જીવે છે; પરંતુ ખામીભર્યું સામાજિક વાતાવરણ સ્ત્રીઓને અપમૃત્યુ તરફ દોરી જાય છે. ભારતમાં સ્ત્રીઓનાં અપમૃત્યુ પાછળ સૌથી મહત્ત્વનું જવાબદાર પરિબળ દહેજપ્રથા છે. સાસરિયાઓ દ્વારા દહેજ માંગવાના ત્રાસના કારણે સ્ત્રી આત્મહત્યાનું અંતિમ પગલું ભરતી હોય છે. તો ઘણીવાર સાસરિયાઓ દ્વારા દહેજ માટે થઈને સ્ત્રીની હત્યા કરવામાં આવતી હોય છે.

વળી, છેલ્લાં થોડાં વર્ષોથી ઓનર કિલિંગને કારણે સ્ત્રીઓના મૃત્યુના બનાવોએ સૌનું વિશેષ ધ્યાન આકર્ષિત કર્યું છે. સ્ત્રી દ્વારા થયેલા કોઈ કાર્ય કે પ્રવૃત્તિના કારણે સમગ્ર પરિવારે પોતાનું ગૌરવ હણાયું હોય કે શરમજનક સ્થિતિમાં મુકાવું પડ્યું હોય તેવું અનુભવાય અને પરિવારના સભ્યો દ્વારા જ તે સ્ત્રીની હત્યા કરવામાં આવે તેવી ઘટનાને ઓનર કિલિંગ કહેવામાં આવે છે. પરિવારની મરજી વિરુદ્ધ સ્ત્રીએ કરેલાં

લગ્ન, પ્રેમસંબંધ કે બળાત્કાર જેવી ઘટનાઓને કારણે ઓનર કિલિંગના બનાવો પણ વધ્યા છે. ભારતમાં પંજાબ, હરિયાણા, બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ અને મધ્યપ્રદેશ જેવાં રાજ્યોમાં ઓનર કિલિંગની ઘટનાઓ સવિશેષ જોવા મળી છે.

એક અંદાજ મુજબ ભારતમાં દર ૯૩ મિનીટમાં એક દહેજના કારણે મૃત્યુ થાય છે. અકિલા ન્યુઝ ૦૯-૦૨-૨૦૧૮ ના સમાચાર મુજબ, "ગુજરાતમાં સલામત નથી સ્ત્રીઓ રેપ, દહેજ અને હેરાનગતિના કેસમાં વધારો* શીર્ષક હેઠળ ગુજરાતમાં સ્ત્રીઓની સ્થિતિ અને સ્ત્રીઓ પ્રત્યે થતા ગુનાઓનું પ્રમાણ ચોંકાવી દે તેવું છે. આ સમાચાર મુજબ, તમને નવાઈ લાગશે પણ આધુનિક સમયમાં પણ દહેજને લીધે અપાતા ત્રાસમાં ખૂબજ વધારો થયો છે. આખા રાજયમાં આ સંખ્યા ૮૬થી વધીને ૬૫૬ થઈ ગઈ છે. અમદાવાદમાં ૨૦૧૬માં દહેજને લગતા શૂન્ય કેસ નોંધાયા હતા જયારે ૨૦૧૭માં ૧૩૩ કેસ નોંધાયા છે. દહેજને કારણે થનારા મૃત્યુમાં જોકે ઘટાડો થયો છે. ૨૦૧૬માં આ સંખ્યા ૧૬૮ જેટલી હતી જે હવે ઘટીને ૧૨૧ થઈ ગઈ છે. અમદાવાદમાં આ સંખ્યા ૧૧થી વધીને ૨૦ થઈ છે. અન્ય ગુનાની સંખ્યા ઘટી છે. જાતીય સતામણીના કિસ્સા ૪૩થી ઘટીને ૩૪ થયા છે. ગુજરાતના ચાર મુખ્ય શહેરો અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં ગુનાની સંખ્યામાં વધારો થયો છે.દહેજને લગતી હેરાનગતિના મહત્તમ કેસ સુરતમાં નોંધાયા છે. CIDના ક્રાઈમના એડિશનલ ડીજીપી અનિલ પ્રથમ જણાવે છે, 'અમે ૧૮૧ હેલ્પલાઈન તથા ફ્રેન્ડ્સ ઓફ વિમેન એન્ડ ચાઈલ્ડ પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ માધ્યમથી સ્ત્રીઓને કોઈ સમસ્યા ઊભી થાય તો અમારા માણસો સાથે વાત કરી શકે છે. ઘણીવાર અમારા માણસો તેમને સીધો જ ઉકેલ સૂચવે છે. હવે સ્ત્રીઓ વધારે જાગૃત થઈ ગઈ છે અને ઘણીવાર ગુનો થાય તે પહેલા જ તેમને તેની ભનક આવી જાય છે અને તે સમયસર અમને ચેતવી દે છે જેથી દુર્ઘટના થતી બચી જાય છે.આ ઉપરાંત છૂટાછેડા, કુંવારું માતૃત્વ, બળાત્કાર, સતત અપમાન કે અવગણના, પરિવારના સભ્યો કે સાસરિયાઓ દ્વારા આપવામાં આવતો ત્રાસ જેવાં કારણોએ પણ સ્ત્રીઓને અપમૃત્યુ કરવા તરફ ધકેલી છે. સ્ત્રીઓનાં અપમૃત્યુના આ બધા કિસ્સાઓ જાતિપ્રમાણનું અસમતુલન સર્જવામાં નિર્ણાયક બને છે.

(4) સ્થળાંતર:

નોકરી, ધંધા, વ્યવસાય, શિક્ષણ કે એવા કોઈ ને કોઈ કારણોસર એક પ્રદેશમાંથી અન્ય પ્રદેશમાં થતું સ્થળાંતર જાતિપ્રમાણમાં અસમાનતા સર્જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વળી, આર્થિક વિકાસ સાધવા થતું સ્થળાંતર અસમાન જાતિપ્રમાણની સમસ્યા સર્જે છે. વ્યક્તિ પોતાનો પ્રદેશ છોડી અન્ય પ્રદેશમાં જાય ત્યારે તેના પોતાના પ્રદેશની વસ્તી અને સ્થળાંતરિત તરીકે તે જ્યાં વસે છે તે પ્રદેશની વસ્તી એ બંનેમાં તફાવત સર્જાય છે. આ તફાવત જે-તે પ્રદેશના જાતિપ્રમાણમાં અસમતુલન પેદા કરે છે. આ બાબત મોટા શહેરોને વધુ લાગુ પડે છે. દા.ત. સુરત શહેરમાં હાલમાં દર હજાર પુરુષોએ ૭૫૬ સ્ત્રીઓની સંખ્યા છે.

(5) સ્ત્રી-ભ્રૂણહત્યા :

અસમાન જાતિપ્રમાણની સમસ્યાનું મુખ્ય કારણ સ્ત્રી-ભ્રૂણહત્યા છે. ભારતીય પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થામાં પુત્રજન્મનું ખૂબ મહત્ત્વ છે, જ્યારે દીકરીનો જન્મ એટલો આવકારદાયક ગણવામાં આવ્યો નથી. ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક કારણોસર એક યા બીજી રીતે પુત્રજન્મનું મહત્વવધતું ગયું. આથી પુત્ર પ્રાપ્ત કરવાની ઘેલછા પણ વધતી ગઈ. વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિકાસને કારણે હવે સોનોગ્રાફીની મદદથી ગર્ભમાં રહેલા બાળકની જાતિનું પરીક્ષણ થઈ શકે છે. જોકે આવું જાતિય પરીક્ષણ કાયદાકીય રીતે ગુનો હોવા છતાં કેટલાક સંજોગોમાં ગર્ભમાં રહેલું બાળક જો સ્ત્રી જાતિનું હોવાનું માલૂમ પડે તો ગર્ભપાત દ્વારા સ્ત્રી-ભ્રૂણની હત્યા કરવામાં આવે છે. બાળકીને દૂધપીતી કરવાના સદીઓ જૂના રિવાજના આધુનિકરણ સમી આ નવી પદ્ધતિ (સોનોગ્રાફી) ને કારણે સ્ત્રીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

સ્ત્રી અને પુરુષનું પ્રમાણ ગુજરાતમાં અસમાન જોવા મળે છે તેમજ બધા જિલ્લાઓમાં સ્ત્રી-પુરુષજાતિપ્રમાણ પણ અલગ-અલગ જોવા મળે છે. વડોદરા મેડિકલ કોલેજના નિવાસી ડોક્ટર ડૉ. વિરેન સોલંકી(૦૧,નવેમ્બર,૨૦૧૮) ક્વોરામાં પૂછવામાં આવેલા પ્રશ્ન-ગુજરાતમાં લિંગ-પ્રમાણ ઘટવાના કારણો કયા છે? તેના જવાબમાં જણાવે છે કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન મુજબ ભારતમાં લિંગપ્રમાણના નીચા દરની બાબતમાં ચેતવણીરૂપ સ્થિતિ બની ગઈ છે. ભારતમાં આજે પણ લોકો ગર્ભપાત વિના પણ પુત્ર જન્મની આશા રાખે છે. જેમ કે, પહેલું સંતાન જો પુત્ર જન્મે તો તેઓ એક જ બાળક રાખવાનું પસંદ કરે છે પણ જો પહેલું સંતાન દીકરી જન્મે તો તેઓ બીજા બાળકને જન્મ આપવાનું વિચારે છે. પરંતુ જો બીજા સમયના ગર્ભમાં પણ જો દીકરી હોય તો તેઓ ગર્ભપાત કરાવે છે. જો કે આ કારણ ઘણા કારણો પૈકીનું એક પરંતુ મુખ્ય કહી શકાય તેવું છે.ગુજરાતમાં કન્યા ભ્રૂણહત્યા પણ થતી જોવા મળે છે જે લિંગ-પ્રમાણ ઉપર અસર કરનાર મહત્વનું પરિબળ છે. બીબીસી ન્યૂઝ (૯,જાન્યુઆરી, ૨૦૦૬) અનુસાર એક મેડિકલ સર્વે મુજબ ભારતમાં છેલ્લા ૨૦ વર્ષમાં દસ મિલિયન બાળકીઓના જન્મને ગર્ભપાત અને લિંગપરીક્ષણ કરીને નિવારવામાં આવ્યા. રિસર્ચ ઇન ઇન્ડિયા એન્ડ કનાડા ફોર ધ લાન્સેટ જર્નલ અનુસાર ભારતમાં એક વર્ષમાં પાંચ લાખ બાળકીઓના જન્મને ગર્ભપાત અને લિંગપરીક્ષણ કરીને નિવારવામાં આવે છે એટલે કે જન્મવા દેવામાં આવતી નથી.

(6) સામાજિક પરંપરાઓ અને કુપ્રથાઓ :

અસમાન જાતિપ્રમાણ માટે મહદંશે સામાજિક પરંપરાઓ, કુપ્રથાઓ અને કુરિવાજોને પણ જવાબદાર ગણી શકાય. બાળલગ્નો, દહેજપ્રથા, સતીપ્રથા, દેવદાસી પ્રથા, વિધવા પુન:લગ્નનો નિષેધ જેવી અનેક પરંપરાઓ અને કુપ્રથાઓએ સ્ત્રીઓના અસ્તિત્વ સામે પ્રશ્નો ઊભા કર્યા છે. 'દીકરી તો પારકી થાપણ કહેવાય,''દીકરી ને ગાય દોરે ત્યાં જાય' જેવી કહેવતો સ્ત્રીઓ અંગે પ્રવર્તતી સામાજિક પરંપરાઓ અને કુપ્રથાઓની સાક્ષી પૂરે છે. સમાજના આ કુરિવાજોના જાળામાં દીકરીઓને સૌથી વધુ સહન કરવાનું આવે છે, પરિણામે કન્યાજન્મ આવકારદાયક ગણાતો નથી. આમ, સમાજની કુપ્રથાઓ અને કુરિવાજો અસમાન જાતિપ્રમાણની સમસ્યાનું નિર્માણ કરે છે.

મેડીકલ સાયન્સે ગર્ભ પરીક્ષણની ટેકનિક વિકસાવી જેનો દુરુપયોગ ભારતમાં થયો એ પૂર્વે ૧૮મી અને ૧૯મી સદીમાં ગુજરાત ઉપરાંત કેટલાક રાજ્યોમાં "દૂધપીતી પ્રથા દ્વારા તાજી જન્મેલી બાળકીઓની હત્યા કરવામાં આવતી હતી. આ રિવાજ મુખ્યત્વે રાજપૂતાના, વારાણસી, કાઠીયાવાડ, કચ્છ, મધ્ય ગુજરાત, જબલપુર, સાગર, પંજાબમાં જેલમ અને રાવલપિંડી જિલ્લાઓમાં તેમજ જમું અને કાશ્મીર જેવા કેટલાક દેશી રાજ્યોમાં પ્રચલિત હતો.ગુજરાતનાખેડા જીલ્લા ઉપરાંત સોરાષ્ટ્ર અને કચ્છમાં પણ આ રિવાજ હતો.

(7) લિંગભેદ:

ઘણાં અભ્યાસોના તારણો મુજબ સ્ત્રી-પુરુષમાં જોવા મળતા તફાવતો માટે જન્મગત જૈવિક લાક્ષણિક્તાઓ જવાબદાર છે. સ્ત્રી-પુરુષની જન્મગત ભૂમિકામાં તફાવત એ તેની સૌથી મોટી સમસ્યા છે. સમાજજીવનનાં તમામ ક્ષેત્રો લિંગભેદ વિના સ્ત્રી-પુરુષ બંને માટે સમાન રીતે ખુલ્લાં હોવા જોઈએ. જેને જે ક્ષેત્ર અનુકૂળ લાગે તેનો તેમાં વિકાસ સાધવાની તક આપવી જોઈએ. ડૉ. નીરા દેસાઈના નિરીક્ષણ અનુસાર લિંગભેદને કારણે સ્ત્રીઓ અને પુરુષોના કાર્યમાં ભેદભાવભર્યું વર્તન જોવા મળે છે. હજુ પણ લિંગભેદ અંગે સમાન નહિ; પરંતુ બેવડાં ધોરણો જોવા મળે છે. જાણીતા વિદ્વાન સિવાર્ડના મતે સ્ત્રી અને પુરુષનાં શક્તિ, રસ અને અભિરુચિના તફાવતોને તેમના જૈવિક તફાવતો સાથે કોઈ સંબંધ નથી. આમ, લિંગભેદ જૈવિક છે. આ જૈવિક અસમાનતા અસમતુલિત જાતિપ્રમાણની સમસ્યા સર્જે છે.

આઉપરાંતછોકરા-છોકરીઓના ઉછેરમાં ભેદભાવ, મહિલાઓ સુધી યોગ્ય શિક્ષણ પહોંચવાનોઅભાવ, જાગૃતતાની કમી અનેસસ્કૃતિ પણ જાતિગત અસમાનતાનું કારણ છે.

**જાતિગત અસમાનતા દૂર કરવાના ઉપાય**

જાતિગત (લૈંગિક) અસમાનતા દૂર કરવાના ઉપાય તરીકે કેટલાક સૂચનો કરી શકાય.જેવાકે- સ્ત્રી ભ્રૂણહત્યા પર નિયંત્રણ કરવું, મહિલા સુરક્ષા અંગે જાગૃતિ લાવવી, મહિલા શિક્ષણને પ્રોત્સાહન આપવું, મહિલા સશક્તિકરણનાં કાર્યક્રમોને આગળ ધપાવવા, મહિલાઓને પુરુષોની સમાન જ રોજગારીની તકો પ્રદાન કરવી, કુટુંબ નિયોજન કાર્યક્રમોને સાચી દિશામાં આગળ વધારવું, મહિલા કલ્યાણ કાર્યક્રમો અને યોજનાઓને સાચી દિશામાં આગળ લઈ જવું, મહિલાઓની દરેક ક્ષેત્રોમાં સમાન ભાગીદારી સુનિશ્ચિતકરવી, સમાન ન્યાય વ્યવસ્થા  કરવી, પિતૃસ્તાત્મકતનો અંત લાવવો, લિંગ પરીક્ષણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો, મહિલાઓમાં અસામાજિક તત્વો સામે લડવાનીક્ષમતાનો વિકાશ કરવો, મહિલાઓના જીવન જીવવાના પ્રત્યેક ક્ષેત્રોમાં સમાન નેતૃત્વ ક્ષમતાનો વિકાશ કરવો, પરુષોની જેમજ મહિલાઓને પણ સારી આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવી, ભારતના દરેક રાજ્યોમાં મહિલા આયોગની સ્થાપના કરવી, મહિલાઓ માટે જીવન કૌશલ્ય શિક્ષણને આગળ લઈ જવું, મહિલાઓ માટે સ્વતંત્ર જીવન જીવવાની છૂટ આપવીવગેરે.

સંદર્ભસૂચી:


- સામાજિક આર્થિક સમીક્ષા વર્ષ ૧૯૯૨-૯૩, વર્ષ ૨૦૦૨-૦૩ અને ૨૦૧૩-૧૪.
- ગાંધીજીનો અક્ષરદેહ,૧૯૭૫, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. (યંગ ઇન્ડિયા, ૧૭-૧૦-૧૯૨૯)
- Pre-Conception and Pre-Natal Diagnostic Techniques Act-1994(PC PNDT) :
- BBC News. (2006, January 9). *India 'loses 10m female births'.* Retrieved from http://news.bbc.co.uk/2/hi/south_asia/4592890.stm
- Jha, P., Kumar, R., Vasa, P., Dhingra, N., Thiruchelvam, D., & Moineddin, R. (2006). Low male-to-female sex ratio of children born in India: National survey of 1.1 million households. *The Lancet*, *367*(9506), 211–218. https://doi.org/10.1016/S0140-6736(06)67931-2